RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 44 *Date: 06.12.2025,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# પ્રવાસીઓ માટે ૩૦ દિવસના મફત વિઝાઃ મેડિકલથી લઈને ખાતર સુધી ભારત અને રશિયા વચ્ચે ૭ કરાર



રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પુતિને સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે ૭ મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષરની જાહેરાત કરી હતી. આ કરારોમાં પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી છે કે રશિયાના પ્રવાસીઓને ભારત મફત ઈ-ટુરિસ્ટ વિઝા આપશે જે ૩૦ દિવસ માટે માન્ય ગણાશે. ફર્ટિલાઈઝર અંગેના કરારને ભારત માટે મોટો ફાયદો માનવામાં આવે છે. આ કરાર હેઠળ, ભારત અને રશિયા સંયુક્ત રીતે યુરિયાનું ઉત્પાદન કરશે. ભારત હાલમાં રશિયા પાસેથી મોટા પાયે યુરિયાની આયાત કરે છે. સંયુક્ત ઉત્પાદન શરુ થવાથી ભારતને યુરિયાની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.ભારતીય શ્રમિકો માટે આ કરાર ખૂબ સારા સમાચાર છે. આનાથી ભારતીય શ્રમિકો વ્યવસ્થિત રીતે રશિયા મુસાફરી કરી શકશે અને વધુ સારા પગાર મેળવી શકશે. યુરોપિયન દેશોમાં નિયમો કડક થતાં આ કરાર મહત્ત્વપૂર્ણ બન્યો છે. વડાપ્રધાન મોદીએ રશિયાના લોકો માટે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી કે ભારતે રશિયનો માટે મફત ઈ-ટૂરિસ્ટ વિઝા શરુ કર્યા છે, જે ૩૦ દિવસ માટે માન્ય રહેશે. નોંધનીય છે કે, કેનેડા અને યુકે જેવા યુરોપિયન દેશોમાં વધતા કડક સ્થળાંતર નિયમો વચ્ચે આ કરાર રાહત પૂરી પાડે છે.

પુતિન સાથેની બેઠકમાં યુક્રેન સંકટ પર વાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે 'યુક્રેન મુદ્દે આપણી વચ્ચે સતત ચર્ચા થતી રહેછે. એક સાચા મિત્રના રૂપે તમે પણ તમામ ઘટનાઓથી અમને પરિચિત કર્યા. મને વિશ્વાસ છે કે વિશ્વ ફરી શાંતિના માર્ગ પર પરત ફરશે. પાછલા દિવસોમાં જ્યારે પણ મારી દુનિયાના નેતાઓ સાથે વાત થઈ ત્યારે મેં વારંવાર કહ્યું છે કે ભારત ન્યૂટ્રલ ( તટસ્થ ) નથી, ભારત શાંતિના પક્ષમાં છે. શાંતિના તમામ પ્રયાસોમાં અમે તમારી સાથે ખભેથી ખભો મિલાવીને ઊભા છીએ. વિશ્વએ કોવિડથી લઈને અત્યાર સુધી ઘણા સંકટ જોયા છે, આશા છે કે હવે પ્રગતિની રાહ પર આગળ વધશે.' જેના જવાબમાં પુતિને પણ કહ્યું કે, રશિયા પણ શાંતિના જ પક્ષમાં છે. યુક્રેન સંઘર્ષ પર વાતચીત ચાલી રહી છે અને હું તમને આ વિષય અંગે સમય સમય પર અપડેટ આપતો રહીશ.

પુતિન સાથેની દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે ૨૦૦૧માં તમે પદ સંભાળ્યું અને પહેલીવાર ભારત આવ્યા હતા, તે વાતને ૨૫ વર્ષ થઈ ગયા. તે પહેલી ભારત મુલાકાતમાં તમે બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનો પાયો નાંખ્યો હતો. મારા માટે પણ ખુશીની વાત છે કે તમારા અને મારા સંબંધોને પણ ૨૫ વર્ષ થયા. તમે ૨૦૦૧માં જે ભૂમિકા નિભાવી તે એક દીર્ઘદૃષ્ટા નેતાનું ઉત્તમ ઉદાહરણ છે.

## પાન-મસાલા, સિગારેટ પર લાગશે એક્સ્ટ્રા ટેક્સ, લોકસભામાં બિલ પાસ

નાણામંત્રીએ સોમવારે લોકસભામાં આ બે મહત્ત્વપૂર્ણ બિલ રજૂ કર્યા હતા. જેમાં 'સ્વાસ્થ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર' બિલ સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. જણાવી દઈએ કે, આ બિલ હવે રાજ્યસભામાં પસાર થયા બાદ તે હાલમાં તમાકુ અને પાન મસાલા પર લાગુ થતા 'જીએસટી ક્ષતિપૂર્તિ ઉપકર'નું સ્થાન લેશે, જેની સમયમર્યાદા માર્ચ ૨૦૨૬માં સમાપ્ત થઈ રહી છે. સરકારના અનુસાર, આ નવા ઉપકરનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય સંબંધિત ખર્ચાઓ માટે વધારાના સંસાધનો એકત્ર કરવાનો છે.આ બિલ કાયદો બન્યા પછી, સરકાર સિગારેટ અને પાન મસાલા જેવા ઉત્પાદનો પર વધારાના કર લાગશે. સરકારના અનુસાર, આ વધેલા કરમાંથી એકત્ર થયેલું બજેટ રાષ્ટ્રીય સુરક્ષા માટે ઉપયોગમાં લેવાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં આ જાહેરાત કરી.

આ બિલ પસાર થવાથી પાન મસાલા જેવી વસ્તુઓ વધુ મોંઘી થશે. બિલ પર ચર્ચા દરમિયાન સંસદમાં લાંબી ચર્ચા થઈ. બે દિવસની ચર્ચા પછી લોકસભામાં બિલ પસાર કરવામાં આવ્યું. નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, 'કારગિલ યુદ્ધ તૈયારીના અભાવને કારણે થયું હતું. સેનાના જનરલોએ અહેવાલ આપ્યો હતો કે ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં બજેટની મર્યાદાઓને કારણે સેના પાસે ફક્ત ૭૦-૮૦% અધિકૃત શસ્ત્રો, દારૂગોળો અને સાધનો હતા. અમે નથી ઈચ્છતા કે ભારતમાં તે તબક્કો ક્યારેય પાછો આવે.'

તેમણે જણાવ્યું હતું કે, 'આ બિલ જાહેર આરોગ્ય માળખાને મજબૂત બનાવવાનો માર્ગ મોકળો કરે છે. મંત્રાલયનું ધ્યાન જાહેર આરોગ્ય જોખમો ઘટાડવા પર છે. આ ઉપકર રાષ્ટ્રીય સુરક્ષા મોરચે પણ મદદ કરશે. આજનું વિશ્વ હાઈ-ટેક યુદ્ધનો યુગ છે. ચોકસાઈવાળા શસ્ત્રો, અવકાશ સંપત્તિ અને સાયબર કામગીરી જેવા ક્ષેત્રો ખૂબ ખર્ચાળ છે.

## માંડ માંડ બચ્યા ગોપાલ ઈટાલિયા, જામનગરમાં યુવકે વિસાવદરના ધારાસભ્ય પર ફેંક્યું જૂતું

જામનગરના ટાઉનહોલમાં આજે(૫ ડિસેમ્બર) આમ આદમી પાર્ટી દ્વારા જાહેર સભાનું આયોજન કરાયું હતું. જેમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ ગોપાલ ઈટાલિયાની આ સભામાં હંગામો થયો હતો. જ્યારે ગોપાલ ઈટાલિયાના વક્તવ્ય સમયે કોઈ વ્યક્તિ દ્વારા તેમના(ગોપાલ ઈટાલિયા) પર હુમલાનો પ્રયાસ કરાયો હતો. અચાનક કોઈ વ્યક્તિએ આગળ આવીને ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંક્યું હતું. જૂતું ફેંકવાની ઘટના બનતા જ ભારે દોડધામ મચી હતી. સ્ટેજ ઉપર બેઠેલા અન્ય અગ્રણીઓ તથા કેટલાક 'આપ'ના કાર્યકરોએ હુમલાખોરની ધોલાઈ કરી હતી. ત્યારબાદ જૂતું ફેંકનારની પોલીસે અટકાયત કરી હતી.



ગોપાલ ઈટાલિયાના કાર્યક્રમમાં બનેલી ઘટના બાદ તાબડતોબ હુમલાખોર પર એક મહિલા અને એક યુવાન તૂટી પડ્યા હતા. આ ઘટનાએ સમગ્ર કાર્યક્રમમાં ખળભળાટ મચાવી દીધો હતો. હુમલાખોર પર આક્રમક રીતે પડકાર કરનાર સફેદ કપડાંમાં જોવા મળેલાં મહિલા કોંગ્રેસના કોર્પોરેટર અને વકીલ જેનબબેન ખફી છે. મહિલા સાથે અન્ય એક યુવાન જે હુમલાખોર સામે લડી રહ્યો હતો, તે અપક્ષ કોર્પોરેટર અસલમ ખિલજી છે, જે અગાઉ કોંગ્રેસમાં હતા.સમગ્ર કાર્યક્રમ જેનબબેન ખફી અને અસલમ ખિલજીના આમ આદમી પાર્ટી (છછઁ)માં જોડાવાના મુદ્દે જ આયોજિત કરવામાં આવ્યો હતો, અને આ જોડાણ પ્રક્રિયા દરમિયાન જ ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકવાની ઘટના બની હતી.આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે, કોંગ્રેસના બે નેતાઓ (જેમાં એક અપક્ષ પણ છે) છછઁમાં જોડાવાના મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં જ આ પ્રકારનો હુમલો થતાં, રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે.

## ગાંધીનગરને મળી અંદાજીત રૂ. ૬૮ કરોડના વિકાસકાર્યોની ભેટઃ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે યોગ સ્ટુડિયો, બગીચા અને રેલવે ઓવરબ્રિજ સહિતના ૫ પ્રકલ્પોનું લોકાર્પણ

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારી અને આધુનિક સુવિધાઓ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદહસ્તે કુલ રૂ. ૬૮ કરોડના ખર્ચે તૈયાર થયેલા વિવિધ ૫ લોકહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તર ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ડે. મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસકપક્ષના નેતાશ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રીમતી સેજલબેન પરમાર, શહેર પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, સંગઠનના હોદ્દેદારોશ્રીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના ગ્રીન કવર અને નાગરિકોના સ્વાસ્થ્ય સુખાકારીના ભાગરૂપે, શ્રી અમિતભાઈ શાહે સેક્ટર-૨૨ ખાતે નવીનીકરણ પામેલા બગીચા અને ત્યાં નવનિર્મિત 'યોગ સ્ટુડિયો'ને ખુલ્લો મુક્યો હતો. આ સાથે જ સેક્ટર-૨૭ ખાતેના બગીચાના નવીનીકરણ



બાદ તેને પણ લોકાર્પિત કરવામાં આવ્યો છે. આ બંને સ્થળો હવે સ્થાનિક રહીશો, સિનિયર સિટીઝન્સ અને બાળકો માટે હરવા-ફરવા અને સ્વાસ્થ્યવર્ધક પ્રવૃત્તિઓ માટેના ઉત્તમ કેન્દ્ર બની રહેશે.

ગાંધીનગરની માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવતા, રોડ નં. ૦૬ ખાતે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ માનનીય ગૃહમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું, જેનાથી ટ્રાફિક વ્યવસ્થા વધુ સુગમ બનશે. આ પ્રોજેક્ટની ખાસ વિશેષતા એ રહી કે, બ્રિજની નીચેની ખાલી જગ્યાનો સર્જનાત્મક ઉપયોગ કરી ત્યાં તૈયાર કરાયેલા અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ થકી શહેરના યુવાનો અને રમતવીરોને ઘરઆંગણે જ રમતગમતની શ્રેષ્ઠ તકો સાંપડશે. આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ નાગરિકોને મનોરંજન પૂરું પાડશે.

ગાંધીનગરના આધુનિકીકરણમાં મહત્વનો ભાગ ભજવતા આ વિકાસકાર્યોમાં સૌથી મોટો પ્રોજેક્ટ રોડ નં. ૦૬ પર રૂ. ૫૮.૧૭ કરોડના ખર્ચે નિર્મિત ૬૯૮ મીટર લાંબો ફોર-લેન રેલવે ઓવરબ્રિજ છે, જે કલોલ, માણસા અને ચૈંદ્ધઝ વિસ્તારની કનેક્ટિવિટી ઝડપી બનાવશે. આ બ્રિજની નીચેની જગ્યાનો નવતર ઉપયોગ કરી ત્યાં રૂ. ૨.૭ કરોડના ખર્ચે પિકલબોલ, બાસ્કેટબોલ



અને ઈન્ડોર ગેમ્સ સુવિધા સાથેનો સ્પોર્ટ્સ ઝોન વિકસાવાયો છે. નાગરિકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ જાળવણી હેતુ સેક્ટર-૨૨ અને ૨૭ના બગીચાઓનું અનુક્રમે રૂ. ૨.૪૮ કરોડ અને રૂ. ૩.૨૬ કરોડના ખર્ચે વોકવે, એમ્ફીથિયેટર, ગ્રીન સ્પેસ અને સીસીટીવી જેવી સુવિધાઓ સાથે નવીનીકરણ કરવામાં આવ્યું છે, જ્યારે સેક્ટર-૨૨માં રૂ. ૧.૩૧ કરોડના ખર્ચે ૫૦ વ્યક્તિની ક્ષમતા ધરાવતો, ચેન્જિંગ રૂમ સહિતની સુવિધાઓવાળો અત્યાધુનિક યોગ સ્ટુડિયો તૈયાર કરવામાં આવ્યો છે.

# ભારતીય ડાક વિભાગ દ્વારા આઈઆઈટી ગાંધીનગરમાં ગુજરાતનું પ્રથમ નવીનીકૃત જેન-ઢ થીમ આધારિત પોસ્ટ ઓફિસનું શુભારંભ




ભારતીય ડાક વિભાગે આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતી વખતે ગુજરાતનું પ્રથમ જેન-ઢ થીમ આધારિત નવીનીકૃત ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા (આઈઆઈટી) ગાંધીનગર પોસ્ટ ઓફિસ નું શુભારંભ કર્યો છે - જેને જનરેશન-ઢ પેઢી સાથે વધુ નજીકથી જોડાવાના હેતુથી દેશવ્યાપી પહેલના ભાગરૂપે વિકસાવવામાં આવ્યું છે. માનનીય કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા ની દ્રષ્ટિ અને માર્ગદર્શન હેઠળ આ પહેલનો હેતુ પોસ્ટ ઓફિસઓને જીવંત, વિદ્યાર્થી-કેન્દ્રિત અને પ્રૌદ્યોગિકી-સક્ષમ સ્થળો તરીકે પુનઃપરિકલ્પિત કરવાનો છે, જે યુવાપેઢીના ભાવ સાથે સમન્વય બનાવે. આ પરિવર્તન રાષ્ટ્રીય પહેલનો ભાગ છે, જેમાં ૧૫ ડિસેમ્બર સુધી શૈક્ષણિક કેમ્પસમાં સ્થિત ૪૬ હાલના પોસ્ટ ઓફિસનાં નવીનીકરણનો સમાવેશ થાય છે.

આ જેન-ઢ થીમ આધારિત નવીનીકૃત પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકર અને આઈઆઈટી ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂના દ્વારા, મહાપ્રબંધક (વિત્ત) ડો. રાજીવ કાંડપાલ તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવની વિશિષ્ટ હાજરીમાં કરવામાં આવ્યું. આ અવસર પર ‘ૈ્દ્ધઃ ગુજરાતનું પ્રથમ ઘેહ-ઢ વિષયક ડાકઘર’ પર એક વિશેષ આવરણ અને આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસનું સ્થાયી ચિત્રાત્મક વીરૂપણ પણ પ્રકાશિત કરવામાં આવ્યું.

આ અવસર પર, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકરે જણાવ્યું કે આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસ ખાસ કરીને યુવાનોની જરૂરિયાતો, તેમની સર્જનાત્મકતા, આધુનિક વિચારસરણી અને પ્રૌદ્યોગિક અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. તેનો દેખાવ અને અનુભૂતિ સંપૂર્ણ રીતે જેન-ઢ વાયબ્સ અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. આ પોસ્ટ ઓફિસને આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી દ્વારા નવી ઓળખ આપવામાં આવી છે. તેમના વિચારો ભીંતચિત્રો, આંતરિક થીમ તથા પ્રચાર સામગ્રીના ડિઝાઇનમાં પ્રતિબિંબિત થયા છે, જેના કારણે પોસ્ટ ઓફિસને વિશિષ્ટ યુવા-કેન્દ્રિત ઓળખ મળી છે.

આઈઆઈટી ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂનાએ આ જેન-ઢ પોસ્ટ ઓફિસ પહેલ માટે પોસ્ટ વિભાગની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ પોસ્ટ વિભાગની સેવાઓ અને આધુનિક સુવિધાઓનો લાભ મેળવશે. આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલ “ટ્રી ઓફ લાઇફ ઓફ ૈ્દ્ધ” ભીંતચિત્રમાં કેમ્પસમાં જોવા મળતા વિવિધ પક્ષીઓની સમૃદ્ધ વૈવિધ્યતા ઉજાગર કરવામાં આવી છે. આ કલા કૃતિમાં એક સમૃદ્ધ વૃક્ષ દર્શાવાયું છે, જેની ડાળીઓ પર આઈઆઈટી ગાંધીનગર પરિસરમાં વસતા અનેક પ્રકારના પક્ષીઓ દેખાઈ આવે છે—જે સંસ્થાના જીવંત પર્યાવરણીય તંત્ર સાથેના તેના ગાઢ સંબંધનું પ્રતીક છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે જેન-ઢ આઈઆઈટી પોસ્ટ ઓફિસમાં વાઈ-ફાઈ, કાફેટેરિયા, મિની લાઈબ્રેરી, પાર્સલ, જ્ઞાન પોસ્ટ, પાર્સલ પેકેજિંગ સેવાઓ, ફિલેટેલી, પોસ્ટ ઓફિસ બચત સેવાઓ, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટમાં છૂટ તેમજ કયુઆર આધારિત ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક સુવિધાઓ આ પોસ્ટ ઓફિસને વધુ આધુનિક, સુલભ તથા યુવા-મૈત્રીપૂર્ણ બનાવે છે. નવીનીકૃત આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસ હવે યુવાઓના સશક્તિકરણ, સંસ્થાગત સહકાર અને જનસેવાના આધુનિકીકરણનું પ્રતિક બની ગયું છે.

આઈઆઈટી વિદ્યાર્થીઓ અને સંબંધિત ફેકલ્ટીને ગુજરાતના પ્રથમ જેન-ઢ થીમ આધારિત નવીનીકૃત આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસના ડિઝાઇનમાં તેમના યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા.

## તંત્રી સ્થાનેથી..

### ફરી ઓલટાઇમ હાઇ પર પહોંચી ચાંદી, સોનાના ભાવમાં પણ ભારે ઉછાળો

ચાંદીના ભાવ શુક્રવારે (૫ ડિસેમ્બર) ઑલ ટાઇમ હાઇ પર પહોંચી ગયા છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ ઍસોસિએશન અનુસાર, ૧ કિલો ચાંદીનો ભાવ ૨૪૦૦ રૂપિયાથી વધીને ૧,૭૯,૦૨૫ રૂપિયા થઈ ગયો છે. આ પહેલાં ચાંદીની કિંમત ૧,૭૬,૬૨૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. વળી, ૧૦ ગ્રામ સોનું ૭૩૩ રૂપિયા મોંઘું થઈને ૧,૨૮,૫૭૮ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ પહેલા સોનું ૧,૨૭,૮૪૫ રૂપિયા હતું. ૧૭ ઑક્ટોબરે સોનાએ ૧,૩૦,૮૭૪ રૂપિયા ઑલ ટાઇમ હાઇ બનાવ્યું હતું. સોનાની કિંમતોમાં ૩% ય્જી, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું. તેથી અલગ-અલગ શહેરોના ભાવ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બૅન્ક સહિત અનેક બૅન્ક ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

સોનુંઃ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ. ૭૬,૧૬૨ હતો, જે હવે વધીને રૂ. ૧,૨૮,૫૭૮ થયો છે. એટલે કે, આ વર્ષે સોનાની કિંમતમાં રૂ. ૫૨,૪૧૬નો વધારો થયો છે.ચાંદીઃ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ૧ કિલો ચાંદીની કિંમત રૂ. ૮૬,૦૧૭ હતી, જે હવે રૂ. ૧,૭૯,૦૨૫ પ્રતિ કિલો થઈ છે. એટલે કે, આ વર્ષે ચાંદીના ભાવમાં રૂ. ૯૦,૦૦૩નો વધારો થયો છે. બજાર નિષ્ણાતોના મતે સોનાના ભાવમાં આવી રહેલી તેજી પાછળ મુખ્યત્વે ત્રણ મોટા કારણો જવાબદાર છેઃકેન્દ્રીય બૅન્કોની ખરીદીઃ દુનિયાભરની મોટી બૅન્ક ડૉલર પરની નિર્ભરતા ઘટાડવા માટે સતત પોતાના ભંડારમાં સોનાનો હિસ્સો વધારી રહી છે. જેના કારણે બજારમાં સોનાની માંગ સતત બની રહે છે અને કિંમત ઉપર જાય છે.ક્રિપ્ટોથી સોના તરફ વળ્યું રોકાણઃ ક્રિપ્ટોકરન્સીમાં થતા મોટા ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરને કારણે રોકાણકારો સોનામાં નાણાં રોકી રહ્યા છે. સાથે જ, ભારતમાં શેરબજારમાંથી ઓછું રિટર્ન મળતાં અને લગ્નની સિઝન શરુ થવાથી સોનાની માંગ પણ વધી છે.લોન્ગ ટર્મ એસેટઃ સોનું એક એવી એસેટ છે જે ક્યારેય સંપૂર્ણપણે નકામી થતી નથી.

# સૌંદર્ય વેરી થાય ત્યારે રૂપસુંરીઓ કયું ગીત ગાય છે?

પ્રણય કાવ્યોના કવિ અને માત્ર છવીસ વરસની ભરયુવાનીમાં ક્ષર દેહનો ત્યાગ કરી અક્ષર દેહે આજે પણ લાજવાબ એવા કવિ કલાપીએ એક પંકતિમા સૌંદર્યનો મહિમા જણાવ્યો છે.’’ સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું પડે!!

આ જગતમાં સૌંદર્યની બોલબોલા છે. સૌંદર્ય ખંજરથી કાતિલ અને ઝેરથી ઘાતક હોય છે!!આપણને વાળ કાળા ભમ્મર જોઈએ છીએ. કિન્તુ ચામડીનો રંગ ધોળો જાઈએ છીએ. પંકજ ઉધાસ એટલે જ ગઝલમાં કહે છે ‘‘ચાંદી જૈસા રંગ હૈ તેરા સોને જૈસે બાલ એક તું હી ધનવાન હૈ ગૌરી બાકી સબ કંગાલ !! ‘‘

આપણા રામ ભગવાન કે કૃષ્ણ ભગવાન રૂપાળા નથી. ઈવન વિષ્ણુ ભગવાન પણ રૂપાળા નથી. એમના નસીબ ટનાટન કે એમને પ્રત્ની-પ્રેમિકા રૂપ રૂપના અંબાર મળી. કોઇ શ્યામરંગી પુરૂષને ગોરીચિટી પત્ની મળે તો ( પેલો લઇ ગયો અને આપણે રહી ગયા એવી જલનની ફિલિંગ થાય છે!!દિલમાથી ઈર્ષાનો કાળો ધૂમાડો નીકળે છે!!!) આપણે કાગડો દહીંથરું લઇ ગયો એમ કહીએ છીએ!! પરંતુ શ્યામ કે વાદળીરંગી પ્રભુને રૂપાળી સીતા, લક્ષ્મીજી, રાધા, રૂકમણી કે પાર્વતી જેવી પત્ની કે પ્રેમિકા મળે તો આપણે પ્રભુ દહીંથરું લઇ ગયા એવુ કહેતા નથી! જે સરાસર નાઇન્સાફી છે મિ. લોર્ડ !! ભગવાન કૃષ્ણ શ્યામ રંગ હોવાના લીધે કંમ્ફર્ટ ફિલ ન કરતા હોવાથી જશોદા માને રાધા કયું ગોરી મેં કયું કાલા એવી વેલિડ કંમ્પલેઈન્ટ કરે છે!! જસોદા મા જુદા જુદા તર્ક કરી કાનુડાને સમજાવવા કોશિશ કરે છે!!

આપણે ત્યાં સિનેમા, જાહેરાતો, ફેશન વગેરેનાં પેન્સિલ ફિગર ધરાવતી રૂપકડી યુવતીઓ છવાયેલ છે. લિપસ્ટિક, લેડીઝ વેર, પરફયુમ કે સેનેટરી પેડ, આભૂષણ સાડી, ડ્રેસ વગેરના મોડેલિંગમાં યુવતીઓને મોડેલ તરીકે લેવામાં આવે તે સમજી શકાય. સેવિંગ ક્રીમ,અન્ડરવેર,નીકર, પેન્ટ શર્ટની જાહેરાતોમાં યુવતીઓને મોડલ તરીકે લેવાનો તર્ક સમજી શકાય તેવો નથી!! કોઈ પણ વસ્તુના વિજ્ઞાપનમાં કુરૂપ, શ્યામરંગી મોડેલ લેવામાં આવતી નથી. કોલગેટની જાહેરાતમાં વાંકાચૂકા દાંતવાળી યુવતી દેખાડે છે. બાકી રામ રામ ભજો!!

રૂપાળી રાધાને પણ તેના રૂપનું ગુમાન હોય છે. પતંગિયાની જેમ છોકરા તેની આજુબાજુ ભમે અને મસ્તિક નમાવી નમે એ તેમને ગમે છે. રૂપવતીઓને રૂપનું એકસપોઝર મળે છે!! બધા તેની પ્રેમભરી કે અમીભરી નજરની કૃપાદ્રષ્ટિ પામવા તરફડતા હોય છે.જેની બેન રૂપાળી હોય તે ભાઈના યાર, દોસ્ત ,મિત્ર થવા લાંબી લાઇન લાગે છે!!!રૂપાળી સ્ત્રી હોય પણ નમણાશ ન હોય તો આપણે એવું પણ કહીએ છીએ કે ધોળું ચામડું તો ગધેડાનું પણ હોય છે. માટીના પાટિયા જેવો ખપાટિયો ચહેરો છે તેવી ટીકા કરીએ છીએ!!રૂપાળી સ્ત્રીઓ ,’’શ્યામ રંગ સમીપે ન જાવું સખી મારે શ્યામ રંગ સમીપે ન જાવું ‘‘ એવું ગીત ગાય છે!!એની સામે મીરા જેવી ભક્તાણી મેરો તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઇ એમ ગાઇ વગાડીને કહે છે!!આમ, પરસ્પર વિરોધાભાસી વલણ જોવા મળે છે!! વિવાદ શિરોમણી અને આજે પણ સૌથી વધુ વંચાતા લેખક ચંદ્રકાંત બક્ષીએ ‘‘રૂપાળી સ્ત્રીઓ ફ્રિજિડ હોય છે અને કાળી સ્ત્રીઓ વધુ હોટ અને સેકસી હોય છે ‘‘ તેવું સ્ફોટક નિવેદન કર્યું છે!!!

રૂપાળી સ્ત્રીએ મીણબતીની જયોત જેવી સ્ફોટક હોય છે. રૂપાળી સ્ત્રીઓની હાજરીથી હવાની રૂખ બદલાઇ જાય છે!! રૂપાળી સ્ત્રીઓને રૂપ, હુસ્ન ,બ્યુટીનું ગુમાન હોય છે. તેના વર્તનમાં એરોગેન્સી, સ્વેગ હોય છે. રૂપાળી સ્ત્રીના મનમાં ખુદની આગળ બીજા પાણી ભરે છે તેવો ફાંકો હોય છે રૂપાળી સ્ત્રીને મળતા એકસટેન્શન અને એકસપોઝરને લીધે તેમનો રથ યુધિષ્ઠિરના રથની જેમ ચાર આંગળ નહીં પણ આઠ આંગળ રથ જમીન કરતા ઉંચે ઉડતો હોય તેવું લાગે છે!!

જૂના જમાનામાં દુશ્મન દેશના રાજા, સેનાપતિને મારી નાંખવા માટે પોઈઝન ટ્રેપ ગોઠવાતા હતા. અત્યંત રૂપાળી કન્યાને રોજેરોજ વિષનું એક ટીપું પીવડાવવામાં આવતું હતું. ક્રમશઃ ઝેરની માત્રા વધારવામાં આવતી હતી. આ રીતે તૈયાર કરવામાં આવેલી વિષ કન્યા સામી છાવણીમાં જઈને પ્રતિસ્પર્ધી રાજાનો ખેલ તમામ કરી નાંખતી હતી. આજે દેશની માહિતી મેળવવા કોઈને ફસાવવા માટે વ્યાપક પ્રમાણમાં હની ટ્રેપ કરવામાં આવે છે. ઘણીવાર સોશિયલ મિડીયામાં જે હની દેખાડીને બકરાને ફસાવવામાં આવે છે! જે વાસ્તવમાં હની નહીં પણ હનો હોય છે!!

યુવતીઓ રૂપની આગ સમાન હોય છે. જેમાં આકર્ષણનું ધી હોમાય છે. હજારો પરવાના આગમાં કૂદી પડે છે અને ખુવાર થાય છે. માત્ર આયનામાં પદ્મિનીનું રૂપ જોઈને અલાઉદીન ખલજી પાગલ થયો હતો!! પદ્મિનીને પામવા બધુ ખેદાનમેદાન કરેલ !! જર જમીન અને જોરું એ કજિયાના છોરું એમ કહેવાનાં આવે છે. હુસ્નને પામવા હુલ્લડ થાય છે!!આ યુવતીઓ પાણી પીવે તો ગળામાં કાચની જેમ પાણી પેટમાં જતુ દેખાય છે!!

છોકરીઓને તેમના રૂપનું અભિમાન હોય છે. એટલે રૂપના ધમંડ હેઠળ તમામનું અપમાન , અવહેલના કરતી હોય છે. અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું નથી તો પછી છોકરીના રૂપનું અભિમાન કયાંથી ટકે !!એટલે જ ગોરે રંગપે ઈતના ગુમાન ન કર ગોરા રંગ દો દિનમેં ઢલ જાયેગા!! સામ પક્ષે શ્યામરંગીઓએ પણ લઘુતા ગ્રંથિથી પીડાવું ન જોઈએ . કાળા રંગને લીધે જ સફેદ રંગની બોલબોલા છે!! શ્યામરંગીઓ દમદાર અવાજે પણ હમ કાલે હૈ તો કયાં હૈ દિલવાલે ગાઇ લે છે!!

આપણી એવી છાપ હોય છે કે રૂપાળી છોકરી માટે બધા લાલ જાજમ બિછાવે છે. એકવીસ તોપની સલામી આપવામાં આવે છે. બધા તેને એકસટેન્શન આપે છે. છોકરીઓને એકસપોઝર મળે છે. બધા તેની આસપાસ પામેરિયન કૂતરાંની માફક લોટપોટ થાય છે. રૂપાળી છોકરીનો પડ્યો બોલ ઉઠાવવા હર કોઈ તત્પર રહે છે. રૂપાળી રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ. સૌંદર્યની સુરા ડોલાવે છે. કોઈ રૂપાળી છોકરી નોકરી માટે અરજી કરે એટલે બાકીના તમામના ડાંડિયા ગૂલ! રૂપાળી છોકરીના માખણ જેવા મસૃણ ચરણ પર નોકરીનો એપોઈન્ટમેન્ટ ઝૂકીને અદબભેર ખડો રહે છે!! પરંતુ, હું એવું કહું કે એક છોકરી માટે રૂપ કે સ્કિન કલર વરદાન નહીં પણ અભિશાપરૂપ બની ગઇ છે એવું કહું તો તમને ધરતીકંપ જેવો આંચકો લાગે કે નહીં??આ ઘટના વિદેશમાં ઘટી નથી. અપિતું, સ્વઘોષિત વિશ્વગૂરૂ અને મેરા ભારત મહાન એટલે કે આર્યાવર્તમાં ઘટી છે. પ્રતિક્ષા જીચકર નામની સ્વરૂપવાન યુવતીએ લિન્કડઇન નામની સોશિયલ મીડીયા સાઇટ પર નોકરી માટે અરજી આપેલી. પ્રતીક્ષા જીચકરને ઈન્ટરવ્યુ માટે પણ બોલાવાઈ. ઈન્ટરવ્યુ ઉમ્મીદોસે બહેતર હતો. પ્રતીક્ષાને જોબ મળવાની ખાતરી હતી. પરંતુ , પ્રતીક્ષા અને નોકરી આડે ગ્રહણ લાગી ગયું!! એક બે કલાકમાં સંપન્ન થાય તેવું ગ્રહણ નહીં જીંદગીભર નડે અને યાદ રહી જાય તેવું ગ્રહણ હતું!!પ્રતીક્ષાને તેના ફેર એન્ડ લવલી કોમ્પ્લેકનના કારણે નોકરી આપવાનો ઈન્કાર કરાયો. લિન્કડઈન કંપનીનીની ટીમમાં સામેલ કર્મચારી કરતા પ્રતીક્ષાનો સ્કિન ટોન ગોરો હોવાથી નોકરીમાંથી પ્રતીક્ષાએ હાથ ધોવા પડયા. સામાન્ય રીતે અશ્વેત કે કાળા કલરની ચામડીવાળી વ્યક્તિને શ્વેત તરફથી રંગભેદનો સહન કરવો પડે. અહીં ઉલ્ટી ગંગા વહી. એક શ્વેત મહિલાને અશ્વેત તરફથી રંગભેદ સહન કરવો પડ્યો !!

અમેરિકાની લૂના બેનાની ઈન્સ્ટાગ્રામ મોડેલ છે. લૂનાની બેહદ ખૂબસુરતી તેની દુશ્મન બની છે.તે હોટેસ્ટ ગર્લ હોવાથી ડેટિંગ એપ ટિરેએ લૂનાનું ઓફિશિયલ એકાઉન્ટ બેન કરી દીધું છે!!ડેટિંગ એપ તેના ફોટોને ફેક માને છે. લૂનાના ઈન્સ્ટાગ્રામ પર દસ મિલિયન ફોલોઅર્સ છે!!

મિસ સ્લોવાકિયા રહી ચૂકેલી સુપર હોટ મોડલ વેરોનિકા રાજેક પોતાની સુંદરતાથી પરેશાન છે. તે કહે છે કે તેની સુંદરતા તેના માટે અભિશાપ બની ગઈ છે. આ ટોપ મોડલ માને છે કે
આભાર - નિહારીકા રવિયા સુંદરતા અને સ્માર્ટનેસ તેમનામાં કોડીફાઈડ છે. વેરોનિકા કહે છે કે તે સ્વાભાવિક રીતે જ એટલી ફિટ, હોટ અને ગ્લેમરસ છે. ટ્રોલર્સે તેના પર આરોપ લગાવ્યો હતો કે તેણે પોતાનું ફિગર જાળવી રાખવા માટે કેટલીક રીતો અપનાવી હતી. જે બાદ તેણે ટ્રોલ્સનો જવાબ આપવા માટે પોતાનો બ્રેસ્ટ ટેસ્ટ પણ કરાવ્યો હતો. વેરોનિકાનું ટેન્શન ઓછું નથી, તે એટલી સુંદર છે કે તેની પ્રોફાઈલ જોઈને લોકોને લાગે છે કે આ ફેક ફોટો છે.


નેધરલેન્ડની નોઆ પોથોવન નામની માત્ર ૧૧ વર્ષની છોકરી માટે એની સુંદરતા અભિશાપ બની ગઇ. કાશ્મીરી સફરજન જેવી ગુલાબી ત્વચા, વાઘ જેવી ચળકતી માંજરી આંખો. સોનેરી વાળ અને હસમુખ વ્યકિતત્વ. સ્કૂલમાં યોજાએલી એક પાર્ટીમાં એના બે સહાધ્યાયીઓએ એના પર બળાત્કાર કર્યો. આઘાતથી આ છોકરી મૂઢ જેવી થઇ ગઇ. માતાપિતાએ એને નોર્મલ કરવા ખૂબ જહેમત ઊઠાવી. એ પૂરેપૂરી નોર્મલ થઇ જાય એ પહેલાં પહેલીવારના રેપ પછીના એક વર્ષ બાદ એના પર ફરી રેપ થયો. ચૌદ વર્ષની થઇ ત્યાં સુધીમાં આ રીતે ચાર પાંચ વખત એ બળાત્કારનો ભોગ બની ગઇ. અંતે તેણે સતાવીસ વરસની નાની ઉંમરે આત્મહત્યા કરી દોઝખ જેવા બદતર જીવનનો અંત કર્યો!!

ઈંગ્લેન્ડના બેસિનસ્ટોકની રહેવાસી ફ્રાન સોયર નામની મહિલાને નાનપણથી જ એક સમસ્યા હતી કે કોઈ તેને મિત્ર બનાવતું નથી. જયારે પણ મિત્રના લગ્ન થયા ત્યારે તેને કોઈએ આમંત્રણ નહોતું આપ્યું.જયારે તે પોતાના બાળકોને શાળાએ મૂકવા જાય છે ત્યારે પણ તેના ગ્લેમરસ દેખાવને કારણે લોકો તેને પસંદ કરતા નથી. ફ્રાન સોયરે જણાવ્યું કે ઘણીવાર મહિલાઓ તેને જજ કરે છે. તે દેખાવમાં ગ્લેમરસ છે, તેથી લોકો તેની સુંદરતાની ઈર્ષ્યા કરે છે. લોકો તમને એટલા માટે પસંદ નથી કરતા કારણ કે તે સુંદર અને ગ્લેમરસ દેખાય છે. ફ્રાન્સ સિંગલ મધર છે. જેઓ આત્મવિશ્વાસ ધરાવે છે તેઓ તેની ચિંતા કરતા નથી, પરંતુ જયારે તેઓ અસુરક્ષિત અનુભવે છે ત્યારે તેઓને ઈર્ષ્યા થાય છે. તેના તરફથી, ફ્રાન લોકો સાથે મિત્રતા પણ કરે છે પરંતુ તેઓ પોતે આમ કરવા માંગતા નથી. ખાસ કરીને મહિલાઓ તેની સાથે ફ્રેન્ડશિપ કરવા માટે તૈયાર થતી નથી. તેમને પ્રેમના સેંકડો પ્રસ્તાવો મળે છે પણ સાચો પ્રેમ મળી શકતો નથી. !!

જેના માટે સુંદરતા અભિશાપ , નર્ક, દોઝખ બની જાય તેવી માનૂનીઓ તેમની મૃગનયની જેવી સુંદરતમ આંખોમાં જમરૂખ જેવડા આંસુઓ છલકાવી દર્દભર્યા અવાજે ગાઈને ભગવાન, અલ્લાહ, ખુદા, જિસસને આરઝૂ કરતી હશ.’’ મેરા ગોરા અંગ લઈ લે, મોહે શ્યામ રંગ દઈ દે, મેં નોર્મલ જીંદગી જીવું, કુછ સુકનકે પલ જીવું રે!!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ








### NOG SS NO : 003

વિષય : સત્ ના પારખાં
શિર્ષક : "જીવનનો દીવો સત્ ની ઓળખ"
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૪૬

સત્ શું છે ? અને તેને પારખવાની આવશ્યકતા શા માટે ? આ પ્રશ્ન માનવચિંતનના કેન્દ્રમાં સદીઓથી ઉદ્ભવતો રહ્યો છે. સત્ ના પારખાં એટલે સાચું શું અને ખોટું શું, શુભ શું અને અશુભ શું—તેની ચોક્કસ અને વિવેકપૂર્ણ ઓળખ કરવાની ક્ષમતા.

સત્યની ઓળખ માનવજીવનને શ્રેષ્ઠતા તરફ દોરી જતું મુખ્ય સાધન છે.

હકારાત્મક પક્ષ :

સત્ ના પારખાં દ્વારા વ્યક્તિ ખોટા, અનૈતિક અને હાનિકારક માર્ગોથી દૂર રહીને સદાચારની યાત્રા કરી શકે છે. જયારે મન નિર્મળ અને અંતરાત્મા જાગૃત હોય, ત્યારે સત્યનું લક્ષ્ય સ્પષ્ટ હોવાનું સ્વાભાવિક છે.

સત્ ને ઓળખનાર વ્યક્તિ સમાજમાં વિશ્વાસનાં પાયો રચે છે. તેની વાણીમાં પારદર્શિતા અને વર્તનમાં ઈમાનદારી હોવાને કારણે અન્ય લોકો પર પણ સકારાત્મક પ્રભાવ પડે છે. સામાજિક શાંતિ, ન્યાય અને પરસ્પર વિશ્વાસ—આ ત્રણેયનું આધારસ્તંભ સત્ ની જ પરખ છે.

આ હકારાત્મક દ્દષ્ટિકોણનું તાર્કિક આકર્ષણ એ છે કે સત્યનો પ્રકાશ મોટામાં મોટો સંકટ પણ હળવો કરી દે છે. સત્ ના આધારે લીધેલા નિર્ણયો સમયની કસોટી પર ચઢી શકે છે અને માનવમનને આંતરિક શાંતિ પ્રદાન કરે છે.

નકારાત્મક પક્ષ :

પરંતુ વિરોધી દલીલ પણ તેટલી જ મજબૂત છે.

સત્ ની પરિભાષા અચલ કે પૂર્ણ નથી—તે સંદર્ભ અનુસાર બદલાઈ શકે છે. એક વ્યક્તિ જેને સત્ય માને, તે બીજા માટે અર્ધસત્ય કે અસત્ય પણ હોઈ શકે. માનવમન ભાવનાઓ, લોભ, અહંકાર અને મોહથી પ્રભાવિત હોવાથી તેની ‘‘સત્યને પારખવાની’’ ક્ષમતા ઘણી વાર ખરાબ રીતે ઝાંખી પડે છે.

ક્યારેક સત્યનું ખોટું ભાન વ્યક્તિને ગેરમાર્ગે દોરી જાય છે. પોતાની માન્યતાઓને જ સાચું માનવાની ઝંખનામાં માણસ અસત્યને પણ સત્ ના વસ્ત્રોમાં મઢી દે છે. આવા સંજોગોમાં, સત્ ની પરખને અંધભક્તિ અથવા પૂર્વગ્રહનો આધાર મળી જાય છે, અને તે સત્ય કરતાં વધુ જોખમી બને છે.

સમાજમાં પણ ‘‘સત્ય’’નો દુરુપયોગ થતો જોવા મળે છે—ક્યારેક કોઈ જૂથ પોતાનો લાભ મેળવવા ‘‘સત્ નો દાવો’’ કરે છે, જ્યારે વાસ્તવમાં તે મતિભ્રમ ફેલાવવાનું સાધન બની જાય છે.

આ રીતે હકાર અને નકાર—બંને પક્ષો મહત્ત્વના છે. સત્યને પારખવું નિશ્ચિત જ જરૂરી છે, કારણ કે તે નૈતિકતા અને સમાજવ્યવસ્થાનો આધાર છે.

અંતે, સત્ ના પારખાં માનવજીવનનું એક સતત યાત્રા-સમાન કાર્ય છે—એક એવી શોધ, જેમાં મનના પાપ ધોઈને અને વિચારને તેજ આપીને જ સાચા સત્યનું સ્વરૂપ જાણી શકાય. સત્યને ઓળખવાની આ પ્રક્રિયા જ વ્યક્તિને રાજી, સમાજને સ્થિર અને સમાજવ્યવસ્થાને દિવ્ય બનાવે છે.

ખૂબ સરસ સુવિચાર છે કે, સત્યની ભુખ તો બધાને હોય છે, બસ પોતાના ભાણા આવે એટલે કડવુ લાગે છે.

મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે (ગાંધીનગર)

★★★★★★★

### NOG SSN 0089

વિષય સતના પારખાં
શિર્ષક સદાબહાર
પ્રકાર ગદ્ય શબ્દો. ૩૧૫

—

સત્ય કદી છુપાયું નથી’ આસમાનમાંથી ટપકે કે પાતાલ ભેદીને તે પ્રગટ થાય છે. ભલે અસત્યનો મહિમા ગવાય પણ જ્યારે સત્ય પ્રગટ થાય છે ત્યારે અસત્ય ઊભી પૂંછડીએ ભાગે. વિશ્વાસ અને શ્રદ્ધા ડગવા ન જોઈએ.

જીવનમાં અનેક વાર અનુભવ થયો છે. સાચા હોઈએ તો શાંતિ રાખવી. બોલીને કે ગુસ્સો કરી તમાશો ન કરવો. ’ધીરજના ફળ મીઠાં છે’ . યાદ હશે ,’સત્યમેવ જયતે’.

ઉમર માત્ર ૧૮ વર્ષની હતી. આજે ૮૦ થયા. છતાં પણ એ પ્રસંગ અક્ષરસઃ યાદ છે. વિલ્સન કોલેજની ઈન્ટર આર્ટસની ફોર્મની પરીક્ષામાં મને ફોર્મ ન મળ્યું .ઘણાને ન મળે. જે વિષય મારો સારો હતો તેને કારણે. હવે વાત એમ હતી કે મારી સખી સુલુ ( સુલોચના) મારી પાછળ હતી. ઈકોનોમિક્સના પેપરમાં તેણે કોપી કરી હતી. મને ખબર ન હતી.

જ્યારે વાત બહાર આવી,ત્યારે મારા પૂજ્ય મામા જે વકીલ હતા.તેને લઈને પ્રિન્સિપાલની ઓફિસમાં અમે ત્રણે જણ ગયા.

મામા એ સુલુને ધીરજ બંધાવી હતી. ’બેટા તું સાચું બોલજે. તને ફોર્મ મળ્યું છે. કાયદા પ્રમાણે તે પાછું ન લઈ શકાય. પણ તું ગુનો કબૂલ કરીશ તો પ્રવિણાને પરીક્ષામાં બેસવાનું ફોર્મ મળશે’.બે દિવસ મારા રડી રડીને ગયા હતા.

પ્રિન્સિપાલને ગળે વાત ઉતરી. જો પ્રવિણા આળ હોય તો તેને કોપી કેવી રીતે કરી હોય ? મને ફોર્મ મળ્યું. બાળપણથી માતા અને પિતાના સંસ્કાર એવા હતા કે ’જુઠ્ઠું’ બોલવું નહીં. આજની તારીખમાં ન જણાવવું હોય તો મૌનનું પાલન કરું પણ બને ત્યાં સુધી અસત્યને શરણે જવું ગમતું નથી.

બાળકો પણ એવા વાતાવરણમાં ઉછર્યા હતા. તેના પર હંમેશા વિશ્વાસ રાખ્યો છે. સત્ય સનાતન છે. વર્ષોના વહાણા વાઈ. સત્ય વાઘાં બદલતું નથી. જે આજે સત્ય છે, તે કાલે પણ હતું અને આવતી કાલે પણ હશે.

જીવનમાં કશું પણ પામવા માટે અસત્યને શરણે ન જવું. ભલે તેનાથી મોટો લાભ થાય. પણ જ્યારે અસત્યનો પર્દાફાશ થશે ત્યારે પત્તાના મહેલની જેમ બધું જમીનદોસ્ત થઈ જશે. કોઈની આંતરડી ન કકળાવશે ! કોઈનો હક ન મારશો ! આજે કોઈના હાથમાંથી તમે છીનવી શકો કિન્તુ એના ભાગ્યમાંથી નહિ !

જીવનમાં પ્રગતિ કરવી હોય, પ્રશંસા પામવી હોય, નિયત સ્થળે પહોંચવું હોય તો સત્યને માર્ગે પ્રયાણ કરો ! કોઈ અડચણ નહીં મળે સુખની પ્રાપ્તિ નિશ્ચિત છે.

પ્રવિણા અવિનાશ

★★★★★★★

### NOG SS NO - 191

વિષય : સતના પારખા....
શીર્ષક : જીવી લીધું છે અમે...
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૩૧

આમ જુવો તો ઝેર પી ને પણ જીવી લીધું છે અમે,
સત્ય ના મારગે ચાલી ને પણ જીવી લીધું છે અમે.

આ દુનિયા એ કરી છે કસોટી અમારી ડગલે પગલે,
તલવારની ધાર પર રહીને પણ જીવી લીધું છે અમે.

સતના પારખા કરવા શીશ મુકી દીધું સત્યના ખોળે,
ક્યારેક વધ સ્થંભે ચડી ને પણ જીવી લીધું છે અમે.

કુદરત રૂઠે ત્યારે કિસ્મત પણ સાથ દેતું નથી જુવો,
ક્યારેક ઈશ્વર સામે લડીને પણ જીવી લીધું છે અમે.

સંઘર્ષ તો રહ્યો છે કાયમ સિધ્ધાંતો ને સફળતા વચ્ચે,
સમયે આસમાનને ઝુકાવીને પણ જીવી લીધું છે અમે.

સ્વમાન ના ભોગે કદી કર્યું નથી સમાધાન જીંદગી માં,
આ જીંદગી ને દાવમાં મુકીને પણ જીવી લીધું છે અમે.

"મિત્ર" નથી રાખ્યો કદી ખોફ મોતનો જીવન માં કદી,
જુવો મોત ને મુઠ્ઠીમાં લઈ ને પણ જીવી લીધું છે અમે.
વિનોદ સોલંકી મિત્ર (લખતર.)

# નિકાસ મોરચે ઉદ્ભવેલા પડકારો વચ્ચે પણ રૂપિયાની નરમાઈને સહન કરવાનો RBIનો વ્યૂહ

મુંબઈ : નિકાસ મોરચે ભારત દ્વારા હાલમાં સામનો કરાઈ રહેલા પડકારોને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ડોલર સામે રૂપિયાની નબળાઈને હાલમાં સહન કરવાનું ચાલુ રાખશે તેવો બજારમાં મત પ્રવર્તી રહ્યો છે. વેપાર ખાધ ઉપરાંત ડોલર ઈન્ફલોસ અટકી પડવાને કારણે ભારત હાલમાં બહારી આંચકાનો સામનો કરી રહ્યું છે. વર્તમાન વર્ષમાં રૂપિયાને ઘટતો અટકાવવા રિઝર્વ બેન્કે અવારનવાર દરમિયાનગીરી કરી હતી અને નોંધપાત્ર ડોલર વેચ્યા હતા.

જો કે છેલ્લા આઠ સત્રમાં રૂપિયામાં ૧.૪૦ ટકાથી વધુનો ઘટાડો આવ્યો છે. ડોલર સામે રૂપિયાના ભાવમાં ભારે વોલેટિલિટી અથવા તો સટ્ટાકીય વેપારના કિસ્સામાં જ પોતે દરમિયાનદગીરી કરતી હોય છે અને રૂપિયાને કોઈ ચોક્કસ સ્તર સુધી જાળવવા માટે દરમિયાનગીરી કરાતી નહીં હોવાના રિઝર્વ બેન્ક હાલમાં સંકેત આપી રહી છે, એમ ફોરેકસ માર્કેટના એક વિશ્લેષકે જણાવ્યું હતું.

વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં રિઝર્વ બેન્કે ખુલ્લા બજારમાં ૩૮ અબજ ડોલરનું વેચાણ કર્યું છે. ૨૦૨૪ના ઓકટોબરથી ડોલર સામે રૂપિયો સતત દબાણ હેઠળ રહ્યા કરે છે. ગયા વર્ષના ઓકટોબરમાં ડોલરનો ભાવ ૮૪ રૂપિયા જેટલો હતો જે હાલમાં ૯૦ ડોલરની ઉપર પહોંચી ગયો છે.



ફન્ડામેન્ટલ જ જયારે રૂપિયાની વિરુદ્ધમાં હોય ત્યારે ફોરેકસ રિઝર્વમાંથી ડોલર ઘટાડવાનો કોઈ મતલબ નહીં હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું અને રિઝર્વ બેન્ક આવતી કાલે તેની સમીક્ષા બેઠકના અંતે કદાચ આ સંદર્ભમાં કોઈ નિવેદન કરશે તેમ જણાય છે. સામાન્ય રીત જયારે ડોલર મજબૂત બનતો હોય છે ત્યારે દેશના નિકાસકારોને તેનો લાભ થતો હોય છે અને આયાતકારો માટે સ્થિતિ પ્રતિકૂળ બને છે.

હાલમાં અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૫૦ ટકા ટેરિફ લાગુ કરવામાં આવી છે જેને પરિણામે અમેરિકામાં ભારતની નિકાસ ઘટી રહી છે એટલું જ નહીં વિશ્વના અન્ય દેશોમાં પણ ભારતે નિકાસ સામે સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે.

યુએસ ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડો વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના (એફપીઆઈ) રોકાણ પર દબાણ ચાલુ રહેવાની શક્યતા છે, કારણ કે કોર્પોરેટ કમાણીમાં સુધારો અને યુએસ સાથે વેપાર સોદા પર પ્રગતિ કોઈપણ આઉટફ્લોને ઉલટાવી શકાય તે માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

વિશ્લેષકોએ આ નબળાઈને નિકાસમાં ઘટાડો (ઘણા ભારતીય માલ પર ૫૦ ટકા સુધીના યુએસ ટ્રેડ ટેરિફથી પ્રભાવિત) અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચાણને આભારી ગણાવ્યો છે. નિષ્ણાતો કહે છે કે રૂપિયાની નબળાઈ એફપીઆઈ રોકાણ માટે નજીકના ગાળાના દ્રષ્ટિકોણને અસર કરી શકે છે. જો કે, ભારતનું મજબૂત અર્થતંત્ર ફટકાને ઘટાડવામાં મદદ કરશે. વધુમાં, તેમણે કહ્યું કે રૂપિયાની નબળાઈ કમાણી વૃદ્ધિના અંદાજમાં કોઈ ફેરફાર કરશે નહીં.

# મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના સરકારશ્રીના અભિગમ સાથે બની રહેલ શાળાઓના અધ્યતન મકાનોનું લોકાર્પણ કરાયું




આહવાઃ તાઃ ૦૫ : આજરોજ ગુજરાત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ આર.પટેલના વરદ હસ્તે સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાંધકામ પૂર્ણ થયેલ નાની દાબદર ઉચ્ચતર પ્રાથમિક શાળા, સાકર પાતળ ઉચ્ચતર પ્રાથમિક શાળા અને બોરીગાવઠા ઉચ્ચતર પ્રાથમિક શાળાના નવ નિર્મિત શાળા મકાનોનું લોકાર્પણ અને તખ્તી અનાવરણનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આ પ્રસંગે શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લાના બાળકોમાં ખુબ જ પ્રતિભાઓ છે જેને ખીલવી અને વિકસાવવા માટે આ અદ્યતન ભૌતિક સુવિધાઓ યુક્ત શાળાના મકાનો અગત્યની ભૂમિકા રૂપ સાબિત થશે. સાથે જ વાલીઓને અપિલ કરતાં જણાવ્યું હતું કે, આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે માટે તેઓ પણ પોતાના બાળકો ઉપર ખાસ ધ્યાન આપે તે જરૂરી છે. વધુમાં વિદ્યાર્થીઓને ખૂટતી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે તમામ પ્રકારના પ્રયાશો હાથ ધરવામાં આવશે.

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના સરકારશ્રીના અભિગમ સાથે બની રહેલ શાળાઓના અધ્યતન મકાનો પૈકી ઉપરોક્ત ત્રણેય મકાનો અનુક્રમે નાની દાબદર ૫૨ લાખ, સાકરપાતળ ૧ કરોડ ૬૦ લાખ બોરીગાવઠા ૧ કરોડ ૬૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે. શાળાના આ મકાનોમાં સ્માર્ટ ક્લાસ કોમ્પ્યુટર લેબ વીજળી ઇનબિલ્ટ સેનિટેશન અને લાઈટ પંખા જેવી ભૌતિક સગવડો થી સુસજજ છે.

આ પ્રસંગે ચેરમેનશ્રી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ શ્રીમતી બીબીબેન આર ચૌધરી, વઘઇ તાલુકાના તાલુકા પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવીત, ભાજપા પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવીત, દરેક ગામના સરપંચશ્રીઓ, એસ.એમ.સી અધ્યક્ષશ્રીઓ અને મોટી સંખ્યામાં ગામના અગ્રણીઓ વાલીઓ શિક્ષકોને બાળકો ઉપસ્થિતિ રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમમાં લાયઝન અધિકારી તરીકે ડાંગના ઇન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી વિજયભાઇ દેશમુખે જવાબદારી નિભાવી હતી.

# ડાંગ જિલ્લાના કન્યા સાક્ષરતા નિવાસી શાળા સાપુતારા, ખાતે નવનિર્મિત શાળા સંકુલ તથા એકલવ્ય મૉડેલ રેસિડેન્સિયલ સ્કુલ, ગારખડીના છાત્રાલય અને સ્ટાફ કવાર્ટસ મકાનનાં લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

તાઃ ૦૫ : તારીખ ૬ ડિસેમ્બર ના રોજ ડાંગ જિલ્લાના ગીરીમથક સાપુતારા ખાતે રાજયના આદિજાતી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કન્યા સાક્ષરતા નિવાસી શાળા સાપુતારા, નવનિર્મિત શાળા સંકુલ તથા એકલવ્ય મૉડેલ રેસિડેન્સિયલ સ્કુલ, ગારખડીના છાત્રાલય અને સ્ટાફ કવાર્ટસ મકાનનાં લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે.

જી.એલ.આર.એસ. સાપુતારામાં શાળા બિલ્ડીંગ, હોસ્ટેલ બિલ્ડીંગ, સ્ટાફ ક્વાટર્સ જેની રકમ કુલ રૂપિયા ૨૦૨૦ લાખ તેમજ, ઇ.એમ.આર.એસ. ગારખડીમાં ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ બિલ્ડીંગ, સ્ટાફ ક્વોટર્સ, અને ભોજનાલય જેની કુલ રૂપિયા ૧૪૯૭ લાખ ના ખર્ચે તૈયાર થયેલ બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવશે.

આ પ્રસંગે રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયનના રાજયકક્ષાના મંત્રીશ્રી વ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડો. જયરામભાઈ ગાવિત, તેમજ આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહકોની બાબતોના રાજ્યકક્ષાના મંત્રી શ્રી પુનમચંદ બરંડાની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. તેમજ લોકસભા દંડકશ્રી અને વલસાડ-ડાંગના સાંસદ સભ્ય શ્રી ધવલભાઈ પટેલ, ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈનની ગરિમામય ઉપસ્થિતિ રહેશે.

# વેરાવળ પાસેના દરિયામાં ઓવરલોડેડ બોટ પલટી, એક ખલાસીનું મોત, ત્રણનું રેસ્ક્યૂ

ગીર સોમનાથ વેરાવળ બંદર નજીક અરબી સમુદ્રમાં બોટ દુર્ઘટનામાં એક માછીમારનું મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. માછીમારી કરીને પરત ફરતી વખતે ફિશિંગ ટ્રોલર બોટ ઓવરલોડેડ હોવાના કારણે પટલી મારી ગઈ હતી. જેમાં એક ખલાસીનું ડૂબવાથી મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ ખલાસીને રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, વેરાવળ બંદર નજીક અરબી સમુદ્રમાં ગત ૪ ડિસેમ્બરના રોજ વેરાવળ જાલેશ્વરથી ૨ નોટિકલ માઈલ સમુદ્રમાં ‘શ્રી ભવાની કૃપા‘ નામની બોટ પલટી ખાઈ ગઈ હતી. જેમાં માછીમારી કરીને પરત આવતા ખલાસીની બોટમાં ઓવરલોડ થવાના કારણે પટલી હતી. જેમાં માછલી પકડવાની જાળમાં ફસાઈ જવાથી અને ઢગલા નીચે દટાવાથી અરવિંદ ભારાવાલા નામના ખલાસીનું મોત થયું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. જાળમાં બહોળા પ્રમાણમાં માછલી આવતા બોટ ઓવરલોડેડ હોવાના કારણે પલટી હતી. આ દુર્ઘટનામાં બોટમાં સવાર અન્ય ત્રણ ખલાસીઓનું રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા હતા. એક ખલાસીના મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.





# માલપુરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરાઈ



બી.આર.સી ભવન માલપુર ખાતે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી સમારંભ અધ્યક્ષ પદે નાગરિક બેંક માલપુર ના ચેરમેન મિતુલભાઈ મહેતા જ્યારે અતિથિ તરીકે એમડી પટેલ શૈક્ષણિક સંકુલ ના મહેશભાઈ પટેલ માર્કેટયાર્ડ માલપુર ના ચેરમેન નિશ્વલભાઈ પટેલ ની.જી.મહેતા શાળાના આચાર્ય સૌરભભાઈ ગોર હાજર રહ્યા હતા ઉપસ્થિત બાળકોને દાતાઓ દ્વારા વિવિધ ભેટ આપવામાં આવેલ જ્યારે કેટલાક વિકલાંગોને પોતાના કલા કૌશલ્ય પ્રદર્શિત કરી મહેમાનોને અભિભૂત કર્યા હતા માલપુરના રાજ્ય એવડી દિવ્યાંગ જીગ્નેશ ભટ્ટ અને ડી ઈ ઓ કચેરીના નરેન્દ્ર ભાઈ રાવલ દ્વારા દિવ્યાંગોને પ્રેરક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે ખાજા દિવંગો તથા વાલીઓને ભોજન તથા ભાડું આપવામાં આવેલ આ કાર્યક્રમની સફળતા માટે બીઆરસી મનહર શ્રી સ્પેશિયલ ટીચર કમલેશ શ્રીમાળી કાંતિભાઈ ખોટ રાકેશ પટેલ પંકજ પંડ્યા સંગીતાબેન અને ગોપાલભાઈ વગેરે દ્વારા ખૂબ જ મહેનત ઉઠાવવામાં આવી હતી કાર્યક્રમને સફળ બનાવવા માલપુરના જીગ્નેશભાઈ ભટ્ટ ઉત્સાહી હતા

# ગુજરાતમાં સૌથી વધુ દારૂ વેચાય છે, ૫૦૦ની બોટલના ૧૫૦૦ રૂપિયા, દારૂબંધીનો મુદો સંસદમાં ગાજ્યો




એક બાજુ ગુજરાતમાં દારૂ-ડ્રગ્સના મુદ્દે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે રાજકીય ઘમસાણ જામ્યું છે, ત્યારે હવે આ મુદ્દો છેક સંસદ સુધી પહોંચ્યો છે. લોકસભામાં સેન્ટ્રલ એક્સાઇઝ સુધારા બિલ પર ચર્ચા થઈ રહી હતી ત્યારે રાજસ્થાનના બીએપીના સાંસદ રાજકુમાર રોતે ગુજરાતમાં દારૂબંધીના મુદ્દે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું કે, પ્રતિબંધ હોવા છતાં પણ આજે ગુજરાતમાં સૌથી વધુ દારૂ વેચાય છે. ગુરુવારે સંસદમાં રાજસ્થાનના સાંસદ રાજકુમાર રોતએ યુવાઓમાં દારૂ-ડ્રગ્સના વ્યસન મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. દારૂબંધીનો અમલ થઈ રહ્યો નથી તે મામલે તેમણે દૃષ્ટાંત આપ્યું કે, પ્રતિબંધ હોવા છતાં પણ ગુજરાતમાં સૌથી વધુ દારૂ વેચાય છે. સ્થિતિ એવી છે કે, ગુજરાતમાં રૂ. ૫૦૦ની દારૂની બોટલ રૂ.૧૫૦૦માં વેચાઈ રહી છે. તેમાંય આધ્યાત્મિક સ્થળની આડમાં નશાનો ધૂમ કારોબાર થઈ રહ્યો છે. આ તરફ, કોંગ્રેસ નેતા અને વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ટ્વિટ કર્યું કે, રાજસ્થાનના સાંસદ પણ ગુજરાતની દારૂબંધીને લઈને સંસદમાં ચર્ચા કરવા માંડ્યા છે. ભાજપ સરકારની નિષ્ફળતાને લઈને ગુજરાત આજે બદનામ થઈ રહ્યું છે છતાંય મુખ્યમંત્રીએ મૌન ધારણ કર્યું છે. આમ, ગુજરાતમાં દારૂબંધીનો કડકપણે અમલ થઈ રહ્યો છે તેવો સરકારનો દાવો છે પણ સંસદમાં ચર્ચા થતાં સરકારની આબરુ ધૂળધાણી થઈ છે.ગુજરાતમાં ખાખી અને બુટલેગરોની ભાઈબંધીને લીધે દારૂ-ડ્રગ્સના દૂષણને ડામવું અઘરું બન્યું છે. હપ્તારાજને લીધે બુટલેગરોને ઉની આંચ આવે તેમ નથી. ખુદ ભાજપના ધારાસભ્યો જ ફરિયાદો કરી રહ્યા હોવા છતાંય દારૂની બદી કાબૂમાં આવી શકતી નથી. છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાંથી ૧૯૧ કરોડનો વિદેશી દારૂ પકડાયો છે. આ પરથી ગુજરાતમાં દારૂબંધી છે કે દારૂછુટ્ટી એ જ ખબર પડતી નથી. બે વર્ષમાં જ ગુજરાતમાં રૂ. ૨.૮૭ કરોડનો દેશી દારૂ અને રૂ. ૧૧ કરોડનું બિયર પકડાયું છે. દારૂ પકડી પોલીસ-ગૃહ વિભાગ પ્રસિદ્ધિ મેળવી રહ્યું છે પણ દારૂબંધીના અસરકારક અમલને લઈને કોઈ હરફ ઉચ્ચારવા તૈયાર નથી.ડ્રગ્સ અને દારૂના મુદ્દે જનસમર્થન સાંપડતાં સરકાર બેકફુટ પર આવી છે જ્યારે વિપક્ષ આક્રમક મૂડમાં છે.આવતી કાલથી મહિલા કોંગ્રેસ દારૂ-ડ્રગ્સ વિરુદ્ધ અભિયાન શરુ કરશે. જિલ્લા અને તાલુકાની મહિલા કાર્યકરોની જોડી જ્યાં પણ દારૂ, ડ્રગ્સ કે ચરસ-ગાંજાના અડ્ડા હશે, તેની પોલીસને જાણ કરાશે. આમ છતાંય પોલીસ પગલાં નહીં લે, તો મહિલાઓ જનતારેડ પાડશે. ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સના દુષણ સામે લડવા માટે કોંગ્રેસે નશા મુક્ત ગુજરાત અભિયાનની શરુઆત કરી છે. પ્રદેશ કોંગ્રેસે એક હેલ્પલાઈન પણ જાહેર કરી છે.

# યુવતીએ બ્લેકમેઇલ કરી પતિ અને મળતિયા સાથે મળીને ૨૦ લાખ પડાવ્યા



શહેરના સાયન્સ સીટીમાં વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય વ્યક્તિને બોડકદેવમાં આવેલા એક સ્પામાં જઈને મસાજ કરાવવાનું ભારે પડ્યું હતું.જેમાં મસાજ કરનાર યુવતીએ આધેડનો મોબાઈલ લીધા બાદ તેને બ્લેકમેઈલ કરીને અલગ અલગ સમયે ૧૦ લાખ જેટલી રકમ પડાવી લીધી હતી અને મોબાઈલ ફોન તેમજ તેના ભાઈના લગ્ન માટે દાગીનાની ખરીદી કરી હતી. ત્યારબાદ યુવતી તેના પતિ અન્ય સ્પાના સંચાલક સાથે આવીને આધેડની શોપ પર આવીને ૨૦ લાખની માંગણી કરી હતી. જે આપવાની ના પાડતા મહિલાએ તેના પતિ અને અન્ય સાગરિત સાથે મળીને માર મારીને ધમકી આપવામાં આવી હતી. આ સમગ્ર મામલે વસ્ત્રાપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

યુવતીએ બ્લેકમેઈલ કરી પતિ અને મળતિયા સાથે મળીને ૨૦ લાખ પડાવ્યા ૨ -ૈદ્વક્ષ્નીશહેરના સોલા સાયન્સ સીટી રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતા ૫૧ વર્ષીય કિર્તન (નામ બદલેલ છે)આશરે દોઢ વર્ષ પહેલા બોડકદેવમાં ઝાયડસ હોસ્પિટલ પાસેના કોમ્પ્લેક્સમાં આવેલા સ્પા ઝોનમાં મસાજ માટે ગયા હતા. જ્યાં ચાંદની રાજપુત નામની યુવતીએ તેમને મસાજ કર્યુ હતુ અને કહ્યું હતું કે હવે જ્યારે પણ આવો ત્યારે પૈસા સીધા મને આપજો કેસ કાઉન્ટર પર આપતા નહી. પરંતુ, ત્યારબાદ કિર્તને સ્પામાં જવાનું બંધ કર્યું હતું.થોડા દિવસ પછી ચાંદનીએ તેમને વાંરવાંર ફોન કરીને પરેશાન કરવાનું શરૂ કરી દીધું હતુ અને ખોટા કેસમાં ફસાવવાનુ કહીને નાણાં માંગવાનુ શરૂ કર્યું હતું. જેથી ડરીને કિર્તને ચાંદનીને છુટક છુટક કુલ ૧૦.૯૧ લાખ જેટલી રકમ આપી હતી. જે રકમ ચાંદનીના શક્તિ મોઢ, ભાઇ અવિનાશ મોઢ અને તેના પતિ મોહિત જૈનના એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ ૬૬ હજારનો મોબાઈલ ફોન ઈએમઆઈ પર લેવડાવ્યો હતો. જેના હપતા કિર્તન હજુ સુધી ભરે છે. ત્યારબાદ કિર્તનભાઈએ ચાંદનીને હવે બ્લેકમેઈલ ન કરવા અને નાણાં ન પડાવવા માટે કહ્યું હતુ. યુવતીએ બ્લેકમેઈલ કરી પતિ અને મળતિયા સાથે મળીને ૨૦ લાખ પડાવ્યા ૩ -ૈદ્વક્ષ્નીતેમ છતાંય, ચાંદની અને તેનો પતિ કિર્તનના ઘરે આવ્યા હતા અને ચાંદનીએ કહ્યું હતું કે તેના ભાઈના લગ્ન હોવાથી દાગીના ખરીદવાના છે. જે આપવાની ના પાડતા ફરી બદનામ કરવાની ધમકી આપતા કિર્તનભાઈએ ડરીને ગત ૨૫મી ઓક્ટોબરના રોજ વટવામાં આવેલા એક જ્વેલર્સ પોસેથી ૧.૮૬ લાખના દાગીના લઈને ચાંદનીને આપ્યા હતા. આ ઉપરાંત, છ લાખ રૂપિયા પણ ખર્ચ પેટે લઈ ગયા હતા. આ વ્યવહાર બાદ કિર્તનભાઈએ ચાદની અને તેના મળતિયાઓને આજ પછી કોઈ સંબધ ન રાખવા માટે કહ્યું હતુ. પરંતુ, ગત ૨૭મી નવેમ્બરના રોજ સાંજના સમયે કિર્તનભાઈ તેમની શોપ પર હતા ત્યારે ચાંદનીએ ફોન કરીને ૨૦ લાખની માંગણી કરી હતી. પંરતુ, કિર્તનભાઈએ નાણાં આપવાની ના કહી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.